Divyabhaskar

October 3, 2018
Pg.2

### રાષ્ટ્રીય લઘુ ઉદ્યોગ નિગમે કોન્કલેવનું આયોજન કર્યું

# બિહારના યુવકો ઉદ્યોગ શરૂ કરી ગુજરાતમાં ઔદ્યોગિક ક્રાંતિ લાવે

ધાર્મિક રિપોર્ટર | અમદાવાદ



ગુજરાતના વિકાસમાં મહત્વનો ભાગ ભજવતા બિહારી યુવકોએ નાના મોટા ઉદ્યોગો શરૂ કરવાની સાથે રોજગારીની તકો વધારવી જોઈએ તેમ રાષ્ટ્રીય લઘુ ઉદ્યોગ નિગમ દ્વારા બિહારી યુવકો માટે યોજાયેલા એન્ટરપ્રિન્યોરશિપ કોન્કલેવમાં બિહારના યોજના આયોગના અધ્યક્ષ સંજયકુમાર ઝાએ જણાવ્યું હતું. બિહારી યુવકો ઉદ્યોગ ક્ષેત્રે આગળ વધવાના બદલે નોકરી તરફ વળે છે. ત્યારે બિહારના યુવાનો પણ ઉદ્યોગ ક્ષેત્રે આગળ વધે તે માટે રાષ્ટ્રીય લઘુ ઉદ્યોગ નિગમ દ્વારા યુવનો માટે આ કોન્કલેવનું આયોજન કરવામાં આવ્યું હતું.